# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-12-2024** **Midday : 2.30 to 2.35**

**Day: Fieday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# RAVI KRUSHI MAHOTSAV

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે બનાસકાંઠાના દાંતીવાડાથી રાજ્યવ્યાપી રવી કૃષિ મહોત્સવ-2024નો શુભારંભ કરાવ્યો છે.  આ પ્રસંગે કૃષિમંત્રી રાઘવજી પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં 12 જેટલા પ્રગતિશિલ ખેડૂતોનું સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કારથી સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે શ્રેષ્ઠ પશુપાલક એવોર્ડ અને વિવિધ સહાયના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આજે અને આવતીકાલે રાજ્યના 246 તાલુકાઓમાં રાજ્યમાં રવી કૃષિ મહોત્સવની ઉજવણી કરાશે.

જેમાં અંદાજે 2 લાખ 50 હજારથી વધુ ખેડૂતો સહભાગી થશે. ખેડૂતોને રવિ પાકો વિશે વૈજ્ઞાનિક માર્ગદર્શન અને ખેડૂતલક્ષી વિવિધ સહાય યોજનાઓ અંગેની સમજ મળી રહે તે હેતુથી રવિ કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

# WAVES Summit-2025

નવી દિલ્હી ખાતે યોજાનારી વિશ્વની પ્રથમ વર્લ્ડ ઓડિયો-વિઝ્યુઅલ અને એન્ટરટેઈનમેન્ટ 'WAVES સમિટ-૨૦૨૫'માં યુનિવર્સિટી, કોલેજ, સહિત વિવિધ શૈક્ષણિક સંસ્થાના વિદ્યાર્થીઓને સહભાગી થવા માટે નોંધણી પ્રક્રિયા શરૂ થઈ છે. આ પરિષદમાં સહભાગી થવા https://wavesindia.org/challenges2025 અથવા https://mygov.in પર નોંધણી કરાવાની રહેશે.

કેન્દ્ર સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના ઉપક્રમે ભારત મંડપમ નવી દિલ્હી ખાતે આગામી ૦૫ થી ૦૯ ફેબ્રુઆરી આ પરિષદ યોજાશે જેનો ઉદ્દેશ્ય દેશના મીડિયા- એન્ટરટેઈનમેન્ટ ક્ષેત્રને વૈશ્વિક સ્તરે 'કન્ટેન્ટ હબ' બનાવવાનો છે. આ સમિટમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ માટે માસ્ટર ક્લાસ/વર્કશોપનું આયોજન કરાયું છે પરિષદમાં ક્રીએટર્સ કોન્કલેવ, ફંડ્સ માટે ઇન્ફ્યુઝન અને અંતમાં 'ક્રિએટ ઇન ઇન્ડિયા' ચેલેન્જ ગ્રેંડ ફિનાલે યોજાશે.

વિદ્યાર્થીઓ નિયત કરેલ વેબસાઈટ પર નોંધણી કરાવી 'ક્રિએટ ઇન ઇન્ડિયા' સીઝન-૧માં તેમના રસના વિષયની સ્પર્ધામાં ભાગ લઇ શકશે. વિજેતા વિદ્યાર્થીઓને રૂ. ૨.૭૫ કરોડ સુધીની રોકડ રકમ, મહિન્દ્રા થાર ગાડી જેવા પુરસ્કાર ઈનામ રૂપે અપાશે

આ પરિષદ દ્વારા મીડિયા અને એન્ટરટેઈનમેન્ટ ક્ષેત્રમાં ભારતીય મીડિયાનો વૈશ્વિક બજારમાં હિસ્સો વધશે અને આ ક્ષેત્ર સાથે જોડાયેલી યુવા પેઢી માટે રોજગારના નવા દ્વાર ખુલશે.

# Amit Shah

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આવતીકાલે અમદાવાદની મુલાકાતે આવશે. શ્રી શાહ આવતીકાલે સવારે અમદાવાદમા ગ્લોબલ હોસ્પિટલનું ઉદઘાટન કરશે. ત્યાર બાદ તેઓ, શક્તિ કન્વેન્શન સેન્ટર ખાતે યોજાનાર ગુજરાત લોકસેવા ટ્રસ્ટના આ વાર્ષિક ઉત્સવમાં હાજરી આપશે. શ્રી શાહ સાંજે BAPS અક્ષરધામના કાર્યકર્તા સ્વર્ણ જયંતિ ઉત્સવમાં ભાગ લેશે. આ કાર્યક્રમમાં પ્રસાર ભારતીના ચેરમેન નવનીત સેહગલ પણ ભાગ લેશે.

# Garvi Gujarat GRIHA

રાજધાની દિલ્હી સ્થિત ગુજરાત સરકારના રાજ્ય ભવન ‘ગરવી ગુજરાત ભવન’ને (ગ્રીન રેટિંગ ફોર ઇન્ટીગ્રેટેડ હેબિટેટ અસેસમેન્ટ) GRIHA દ્વારા ગ્રીન બિલ્ડિંગ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યું છે. નવી દિલ્હીમાં યોજાયેલી 16મી GRIHA સમિટમાં આ એવોર્ડ આપવામાં આવ્યો. ગુજરાત સરકાર વતી ગરવી ગુજરાત ભવનના મુખ્ય વહીવટી અધિકારી કેપ્ટન પ્રશાંત સિંહને GRIHA રેટિંગ પ્લેક અને શીલ્ડ સાથે સન્માનિત કરવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, TERI -ધ એનર્જી એન્ડ રિસોર્સિસ ઇન્સ્ટિટ્યુટ અને નવી અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય, ભારત સરકાર દ્વારા GRIHA રેટિંગ સિસ્ટમ વિકસાવવામાં આવી છે.

# HOME GUARDS DAY

અમદાવાદ સહિત રાજ્યભરમાંમ આજે હોમગાર્ડઝ અને નાગરિક સંરક્ષણના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. જુદા-જુદા નેજા હેઠળ કાર્યો દ્વારા સરકાર, લશ્કર, પોલીસ તથા રાજ્યના નાગરીકોને મદદરૂપ થવાના મુળ ઉદેશ સાથે આ હોમગાર્ડઝની સ્થાપના છ્ઠી ડિસેમ્બર ૧૯૪૬ના દિવસે કરાઈ હતી.

આ દળમાં અત્યારે ૩૯ હજાર ૪૦૯ હોમગાર્ડઝ, ૧૦ હજાર ૩૭૧ સિવિલ ડીફેન્સ વોલન્ટીયર્સ અને ૪૪ હજાર ૪૯૩ ગ્રામ્ય રક્ષકદળ (જેમાં ૩ હજાર ૪૮૫ સાગર રક્ષક દળ)ના જવાનો તૈનાત છે.આ દળમાં રાજ્યની મહિલાઓ પણ જોશભેર જોડાય છે. રાજ્યમાં ૭ હજાર ૩૮૬ મહિલા ગ્રામ્ય રક્ષક અને ૨હજાર ૩૬ મહિલા હોમગાર્ડઝ તૈનાત છે.

આમ,એક લાખ લોકોનો સમુહ ધરાવતું આ વિશાળ પરીવાર કોઈ પણ કુદરતી કે માનવસર્જિત આફત, કાયદો-વ્યવસ્થા પાલન અને બંદોબસ્ત જેવી તમામ પરિસ્થિતિમાં ફસ્ટ રીસ્પોન્સ ટીમ તરીકે હોમગાર્ડઝ દળ જવાનો પોલીસ દળના ખભેથી ખભો મિલાવી કામગીરી કરતાં આવ્યા છે.

# Metro

અમદાવાદ વસ્ત્રાલ ગામથી થલતેજ વચ્ચે ચાલતી મેટ્રો ટ્રેન સેવાઓ હવે આઠમી ડિસેમ્બરથી થલતેજ ગામ સુધી લંબાવવામાં આવી છે. આટ્રેનનું સમયપત્રક ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનની વેબસાઇટ્ પર  ઉપલબ્ધ છે. થલતેજ ગામથી પ્રથમ ટ્રેન સવારે 06.ને 20 કલાકે ઉપડશે.

# Clarification of tribal division

અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થિઓની મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો માટે પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના બંધ કરવાનો નિર્ણય કેન્દ્ર સરકારના આદિજાતિ વિભાગ દ્વારા જારી કરેલી નવી માર્ગદર્શિક મુજબ લેવાયો છે તેવી સ્પષ્ટતા રાજ્ય સરકારે કરી છે.

સત્તાવાર યાદીના જણાવ્યા મુજબ વર્ષ ૨૦૨૨થી નવી બહાર પાડેલી માર્ગદર્શિકા અનુસાર  પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાનો ઉદ્દેશ્ય અનુસૂચિત જનજાતિઓના તેજસ્વી તેમજ ગરીબ બાળકોને ઉચ્ચ શિક્ષણ મળે તેવો હોઈ, મેનેજમેન્ટ ક્વોટામાં એટલે કે પેઇડ સીટ ઉપર પ્રવેશ મેળવે તો તે માટે શિષ્યવૃત્તિ આપવામાં આવશે નહીં. જે અનુસાર રાજ્ય સરકાર દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫થી મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ બંધ કરવાનો નિર્ણય કરાયો છે.

જો કે,  શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં કેતે પૂર્વે પ્રવેશ મેળવેલા અને શિષ્યવૃત્તિનો લાભ લઈ ચૂકેલા વિદ્યાર્થીઓને કોર્ષ પૂર્ણ થાય ત્યાં સુધી તે સમયની માર્ગદર્શિકા મુજબ શિષ્યવૃત્તિનો લાભ અપાશે.

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..